


# લગ્ન દબાણથી નહીં, સમજણથી થવા જોઈએ

**મારી દીકરીને મેં દીકરી તરીકે નહીં પણ દીકરાની જેમ ઉછેરી છે, જેથી તે સ્વતંત્ર વિચારવાળી બની છે. હવે તે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવા નથી માંગતી કે તેમાં કોઈને સમાવવા પણ નથી માંગતી. તેને લાગે છે કે તેનું જીવન ખૂબ સરળ, સ્મુધ રીતે જઈ રહ્યું છે જેથી તેને છેડવાની જરૂર નથી**

હવેના સમયમાં મોટા ભાગના યુગલને એક જ સંતાન હોય છે જ્યારે તે સંતાન લગ્ન માટે ના કહે ત્યારે તે યુગલ બાવરું બની જાય છે. તેમની દુનિયા સીમિત થઈ ગયાની લાગણી અનુભવે છે.

## કેસ:

લેખા અને મનીષ બંને ડોક્ટર. બંનેનું એકમાત્ર સંતાન શ્રીજા. શ્રીજા બાળપણથી ખૂબ હોંશિયાર, ચપળ, ભણવામાં હંમેશાં અવ્વલ. લેખા અને મનીષની દુનિયા એટલે જ શ્રીજા. શ્રીજા પોતાની પસંદથી ફાર્માસીસ્ટ બની. સમય વીતવા લાગ્યો. શ્રીજા 30 વર્ષ વટાવીને ઝડપથી 40 સુધી પહોંચવાની હોડમાં હતી પણ તે લગ્નનું નામ નહોતી લેતી. પહેલાં તો લેખા-મનીષ પણ એવું ઈચ્છતાં હતાં કે તેની મરજી હોય તો પરણે નહીંતર કંઈ નહીં પણ પછી તેઓને ઘણા વાસ્તવિક અનુભવો થવા લાગ્યા. જેથી તેઓ તેના લગ્ન કરવા માટે આતુર બન્યાં. સ્વતંત્ર વિચાર ધરાવતી શ્રીજાને સમજાવવી કઠીન હતી. તેથી લેખા અને મનીષે કાઉન્સેલરની મદદ માંગી.

## નિરાકરણ:

લગ્ન કરવાની ના પાડતી યુવતીને સમજાવતી વખતે ખૂબ સંવેદનશીલ સમજદારી અને આત્મીયતાથી વાત કરવી જરૂરી હોય છે. લેખા અને મનીષના જણાવ્યા મુજબ તેઓ ન્યુક્લીયર પરિવારમાં હોય, શ્રીજા કોઈ અન્યને તેના ઈન્ટીમેટ ઝોનમાં પ્રવેશવા નથી દેતી. બાળપણથી તે કશું શેર કરતા, માંગતા, લડતા, રડતાં શીખી જ નથી શકી કારણ તેને બધું માંગ્યા પહેલાં જ મળી જતું. તે ખૂબ જ રક્ષણાત્મક કવચમાં મોટી થઈ છે અને તેને દીકરી નહીં પણ દીકરાની જેમ ઉછેરી છે, જેથી તે સ્વતંત્ર વિચારવાળી બની છે. હવે તે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવા નથી માંગતી કે તેમાં કોઈને સમાવવા પણ નથી માંગતી. તેને લાગે છે કે તેનું જીવન ખૂબ સરળ, સ્મુધ રીતે જઈ રહ્યું છે જેથી તેને છેડવાની જરૂર નથી. તેનાં માતા-પિતાનો દીકરો બનીને જીવન પૂરું કરવા માંગે છે. લેખા કે મનીષની હિંમત નથી થતી કે તેને લગ્ન કરવા સમજાવી શકે. લેખા અને મનીષ પોતાની ભૂલો સમજી ગયાં પણ તેનો ઉકેલ શોધવામાં અસફળ રહ્યાં હતાં. સામાન્ય રીતે, આજકાલ દરેક યુગલ એક સંતાનમાં જ પરિવારનો વિસ્તાર સમેટી લે છે. જેથી તેમની દુનિયા પણ સમેટાઈને રહી જાય છે. પહેલું સંતાન જ મોટી ઉંમરે આવ્યું હોય છે અને એક જ સંતાન બસ એવા વિચારમાં રાચતાં હોય છે. જ્યારે આ વિચારભંગ થાય છે ત્યારે બીજા સંતાનના ચાન્સ ઓછા રહેલા હોય છે. પછી બીજી ભૂલ કરે છે કે પહેલા (એકમાત્ર) સંતાનને ખૂબ જ રક્ષણાત્મક બાળપણ આપે છે. બાળકની દુનિયા પણ સીમિત બનાવી દે છે. તેને ઈમોશનલ કરી તેનું જીવન ફકત માતા-પિતાની આજુબાજુ જ છે એવું ચિત્ર બનાવી દે છે. તે સંતાન જો દીકરી હોય તો કહેવા માટે તો કહે છે કે, ‘‘અમારે તો દીકરી જ જોઈતી હતી,’’ ‘‘દીકરો કે દીકરી અમારે માટે તો એક જ છે.’’ જેવા સમાજમાં ખોટી રીતે પ્રચલિત થયેલા ડાયલોગ બોલે છે પણ તેનો ઉછેર છોકરા જેવો કરે છે અને તેના મગજમાં બાળપણથી જ ઠૂંસી દે છે કે તું જ અમારો દીકરો છે. શા માટે?



શા માટે દીકરીનો ઉછેર દીકરા જેવો કરવો છે? ખરું જોતાં તો દીકરા કે દીકરી, બંનેનો ઉછેર સરખો જ જવાબદારીસભર થવો જોઈએ. અત્યાર સુધી આપણે દીકરાના ઉછેરમાં ખામી રાખતા આવેલા, હવે દીકરીને પણ દીકરાની જેમ ઉછેરવાના ચક્કરમાં, દીકરીનો ઉછેર પણ ખામીભર્યો કરવા લાગ્યા. ‘બાવાના બેય બગડ્યા’, અત્યાર સુધી દીકરી બે ઘરનો દીવો કે અજવાળું કહેવાતી હતી. હવે તો માંડ એક ઘરનું અજવાળું બને તોય ઘણું એવું સમાજ થવા લાગ્યો છે. પહેલાં તો, મા દીકરીને શિખામણ આપતી કે, ‘‘સાસરે જઈને પિયર તરફ મોઢું કરીને ના સૂતી. સાસરામાં સમાઈ જજે.’’ હવે તો સાસરે જવાની વાત જ વિસારે પડવા લાગી છે. ક્યાં તો લગ્ન જ ન કરવા, કાં તો એકલા રહેવું. આમ, માતા-પિતાએ જે રોપ્યું તે હવે તેમને જ નડવા લાગ્યું. હવે તેમની હાલત ‘મા મને કોઠીમાંથી કાઢ’ જેવી થઈ ગઈ છે.

ડૉક્ટર દંપતી માનવ શરીરને તો ભણ્યા પણ માનવ મન અને સમાજની સૂઝથી અજ્ઞાન રહ્યાં હતાં. આમ તો ‘પાણી માથા ઉપરથી નીકળી ગયું હતું’ છતાં તેમની સાથે ચર્ચા કરી. પ્રથમ તો તેમની અંદરના ખોટા વિચારો, નિર્ણયો, માન્યતાઓને કાઢવા અથાગ પ્રયત્ન કરવો પડ્યો. સાવ સીધીસાદી વાત છે કે જ્યાં સુધી આપણે કોઈ વાતથી કન્વીન્સ નથી તો બીજાને કન્વીન્સ ન જ કરી શકીએ. તેથી પહેલાં તો તેમને કન્વીન્સ કર્યાં.

: શ્રીજા સાથે બેસીને, લગ્ન એટલે શું? સંવાદ કરો.

: શું લગ્ન કરવા જરૂરી છે? જો ‘હા’ તો કેમ? અને ‘ના’ તો કેમ? : લગ્ન કરવા કે ન કરવા પાછળનો ડર શું? : યોગ્ય જીવનસાથીની પસંદગી કર્યેથી લગ્ન બાદના જીવન વિશે ચર્ચા કરો.

: સમયસર લગ્ન થવા કેમ જરૂરી છે?

: સંવાદના અંતમાં, ‘તું વિચાર કરીને જવાબ આપજે..’ જેવા વાક્યથી ચર્ચાને વિરામ આપવા સૂચવ્યું.

આજની પેઢી સ્વયંના જીવન માટે સ્પષ્ટ છે. કારકિર્દી, સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા તેમનું મક્કમ લક્ષ્ય છે. ખાસ કરીને દીકરીઓને ‘લગ્ન’ એક અંતિમ પસંદગી જેવું લાગતું હોય છે. (1) ત્યારે પહેલું પગલું છે- સાંભળવું. તેના નિર્ણય પાછળનો ડર, સંશય, ચિંતા, અનિશ્ચિતતાને સાંભળવી.

(2) દબાણ કર્યા વિના દિશા બતાવવી. લગ્નને જવાબદારી તરીકે જ નહીં પણ એક જીવનસાથી શોધવાની પ્રક્રિયા તરીકે રજૂ કરો.

(3) દીકરીની સમજ અને સપના પર વિશ્વાસ મૂકી, તેને પ્રેમથી સાંભળો.

લેખા અને મનીષે ખંતથી પોતાનું કાર્ય કર્યું. શ્રીજાને સમજાવી કે જેમ ફાર્માસીસ્ટ તરીકે તું દવાની અસર, આડઅસર અને ઈન્ટરએક્શન વિશે સમજાવે છે તેમ તું લગ્ન વિશે પણ સમજ ઊભી કર. જેમ તું દવાનો ઉપયોગ ડોઝ અને સમયનું માર્ગદર્શન આપે છે, તેવી જ રીતે લગ્ન વિશે જાણ. જેમ દવાનો યોગ્ય ઉપયોગ આરોગ્યમાં સુધારો આપે છે તેમ લગ્નજીવનમાં યોગ્ય જીવનસાથી જીવનનો વિકાસ કરે છે.

### લગ્ન માટે ના પાડતી દીકરીને સમજાવવાનું પ્રિસ્ક્રિપ્શન:

» દીકરીના દૃષ્ટિકોણને સમજો અને સાંભળો.
» સહાનુભૂતિથી પ્રેમપૂર્વક વાતચીત કરો.
» ભવિષ્યની શક્યતાઓ દર્શાવો.
» સમય આપો અને સમય માંગો.
» અવાજ શાંતિભર્યો અને મક્કમ રાખો.
» દિશા બતાવો પણ પસંદગીની છૂટ આપો.
» લગ્ન દબાણથી નહીં, સમજણથી થવા જોઈએ.